શ્રી

# <u>વેચાણ દસ્તાવેજ</u>

## . . . . . . . . . કોમ્પલેક્ષ ના. . . . .મજલે(ફલોર) ઉપર આવેલી દુકાન/ફલેટ/ઓફીસ નં . . . . . નો વેચાણ દસ્તાવેજ રૂા. . . . . . . . . . /-

સંવત . . . . . . ના .......... ને ....વાર તા. ...માહે ...... સને ૨૦. . . . ના દિને આ **<u>વેચાણ દસ્તાવેજ</u>** લખી લેનાર / લખાવી લેનાર,

**શ્રી . . . . . . . . . . .** જાતે . . . ઉ.વ.: . . . આશરે, ધંધો : . . . , રહેવાસી : . . . . . . . . . . . . . . . . જેમનો ઈ.પાન નં . . . . . . . . . . . છે.

જેમને હવે પછી સદર વેચાણ દસ્તાવેજ માં લખી લેનાર એક તરફવાળા એ રીતે સંબોધવામાં આવશે જેના શબ્દના અર્થમાં લખી લેનાર એક તરફવાળા પોતે જાતે તથા તેમના વંશ, વાલી, વારસો, સક્સેસરો, એકઝીક્યુટર્સ, એડમીનીસ્ટ્રેટરો ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.

જોગ આ **<u>વેચાણ દસ્તાવેજ</u>** લખી આપનાર, . . . . . . . . . . . . તેઓ તથા . . . . . . . . . . . . . . . . ઓફીસ/ રહેવાસી : . . . . . . . . . . . . . . . . . . . . વતી તેના માલીક / પ્રોપરાયટર . . . . . . . . . . . . . . . જાતે હિન્દુ ઉ.વ. . . . ધંધો વેપાર રહેવાસી “. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . જેમનો ઈ.પાન નં . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . છે.

જેમને હવે પછી સદર વેચાણ દસ્તાવેજ માં લખી આપનાર બીજી તરફવાળા મિલકત માલીક એ રીતે સંબોધવામાં આવશે જેના શબ્દના અર્થમાં લખી આપનાર બીજી તરફવાળા દુકાન/ફલેટ/ઓફીસ માલીકો પોતે જાતે અથવા પેઢી ના વખતો

વખત ના માલીક તથા તેમના વંશ, વાલી, વારસો, સક્સેસરો, એકઝીક્યુટર્સ, એડમીનીસ્ટ્રેટરો ઇત્યાદી તમામનો સમાવેશ થાય છે.

જત અમો તમોને આ વેચાણ દસ્તાવેજ લખી આપીએ છીએ કે, અમારી સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટા ની નીચે લખેલી સ્થાવર મીલકત દુકાન/ફલેટ/ઓફીસ તમોને વેચાણ આપેલી  છે, તેનું વર્ણન :-

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ . . . . . સબ ડીસ્ટ્રીકટ . . . . . ના શહેર . . . . . ના મોજે . . . . . . . . . ના રે. સર્વે નં. . . . . . . માં પ્લોટો પડેલા છે. તે પૈકી પ્લોટ નં. . . . . . . . . . માં આવેલ "**. . . . . . કોમ્પલેક્ષ**" માં દુકાનો તથા રહેણાંક ના ફલેટ બાંધવાનું આયોજન કરવામાં આવેલું છે. તે પૈકી **. . . . . ફલોર ઉપર આવેલ** દુકાન/ફલેટ/ઓફીસ**. . . નં. . . . . .** અમોએ શ્રી . . . . . . . . . . . . . . . . વિગેરે પાસેથી રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં . . . . . . તા. . ./. . /૨૦. . થી વેચાણ લીધેલો છે. અને સરકારી ચોપડે અમારા નામે થયેલ છે. તે રીતે અમારી માલીકી ની છે. જેનું ક્ષેત્રફળ સુમારે . . . ચો.મી ( . . . . . ચો. ફુટ ) છે. સદર . . . વડોદરા સીટી સર્વે કચેરીમાં, મોજે . . . . . . . . . ના સીટી સર્વે નં. . . . . થી નોંધાએલ છે અને તે મુજબ તેનું ક્ષેત્રફળ સુમારે . . . . . . . ચો. મી. છે. સદર જમીનમાં બાંધકામ કરવા માટે, . . . . મ્યુ. કોર્પોરેશનમાં રજાચિઠ્ઠી નં. વોર્ડ- . . . . . . . . . . . . . . . તા. . ./. ./૨૦. . ના રોજ નકશા મંજુર કરાવીને, "**. . . . . . . . . કોમ્પલેક્ષ**" એ નામ રાખીને દુકાનો તથા રહેણાંક ના ફલેટો બાંધવાનું આયોજન કરવામાં આવેલું છે. તે પૈકી **. . . મજલે/ફલોર ઉપર આવેલ** દુકાન/ફલેટ/ઓફીસ નં**. . . . (. . . . . . )** તમોને આથી વેચાણ આપેલી  છે. સદર દુકાન/ફલેટ/ઓફીસ નં. . . . નું બાંધકામ સુપર બીલ્ટઅપ ક્ષેત્રફળ . . . . . ચો.મી (. . . . . ચો. ફુટ), બીલ્ટઅપ ક્ષેત્રફળ . . . . . . ચો.મી (. . . . . ચો. ફુટ) તેમજ સદર દુકાન/ફલેટ/ઓફીસ ને વરાડે ને હિસ્સે આવતી નીચેની વણવહેંચાએલી જમીનનું ક્ષેત્રફળ . . . . . ચો.મી. (. . . . ચો.ફુટ) છે. સદર દુકાન/ફલેટ/ઓફીસ આર.સી.સી. ના ધાબાવાળી છે. સદર . . . . માં ઇલેકટ્રીક લાઇટ તથા . . . . બેસાડેલા છે.

ઉપર વર્ણનમાં જણાવેલી જમીનનો બીન ખેતીનો વાપર કરવાની પરવાનગી, . . . . . . . . . . . ના કલેકટર સાહેબ તરફથી, તેમના હુકમ ક્રમાંક નં. . . . . . . . . . . ./ . . . . . . . . . . . . . . થી હેતુ ફેર કરી આપી જે અન્વયે બીનખેતી હુકમ કંમાક . . . . . . . . . . . . . . નં લેન્ડ/ . . . . . . . . . . તા. . ./. . /૨૦. . ના રોજથી મળેલી છે.

એ રીતેની વિગતવાળી તથા નીચે પરીશીષ્ટમાં વિગતે વર્ણવેલી મીલકત . . . . . "**. . . . . . . . . કોમ્પલેક્ષ**" માં . . . . ફલોર ૫ર આવેલી દુકાન/ફલેટ/ઓફીસ. . . . . નં . . . . , જવા આવવા ના રસ્તા, પાણીના નીકાલ સાથે, તેને લાગતા વળગતા તમામ પ્રકારના હકક સબંધ સાથે, તમો ને રૂ. . . . . . . . . . /- અંકે . . . . . . . . . . . રૂપીયા માં વેચાણ આપેલી છે. . જે અમોને નીચેની વિગતે મળ્યા છે.

| રકમ રૂ. | બેંક | બ્રાન્ચ | ચેક નં. | તારીખ | નામ |
|---|---|---|---|---|---|
| સ | | | | | |
| | | | | | |
| વ | | | | | |
| ` | | | | | |
| | | | | | |

વેચાણ આપેલી મીલકતના વેચાણ અવેજની ચુક્તે રકમ અમો ને મળી જતા, રકમની પાવતી અને કબુલાત આપી, તે રકમના બદલા માં અમારી નીચે પરીશીષ્ટમાં જણાવેલ મીલકત તમોને કાયમના માટે વેચાણ આપી પ્રત્યક્ષ કબજો તમો એક તરફવાળાને સોંપેલ છે. અને તમો એ સંભાળી લીધો છે.

**વેચાણ આપેલ મિલકત. . . . . . . . . ની વિગતઃ**

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ . . . . સબ ડીસ્ટ્રીકટ . . . . . ના શહેર વડોદરા ના મોજે . . . . . . . . ના રે. સર્વે નં. . . . . . માં પ્લોટો પડેલા છે. તે પૈકી પ્લોટ નં. . . . ની જમીનમાં "**. . . . . . . કોમ્પલેક્ષ**" એ નામ રાખીને દુકાનો તથા રહેણાંક ના ફલેટો બાંધવાનું આયોજન કરવામાં આવેલું છે. તે પૈકી **. . . . મજલે / ફલોર આવેલ** દુકાન/ફલેટ/ઓફીસ. . . . . (. . . . . .) . . . . . . . તમોને આથી વેચાણ આપેલી છે. સદર . . . . . નું બાંધકામ સુપર બીલ્ટઅપ ક્ષેત્રફળ . . . . . ચો.મી (. . . . . ચો. ફુટ), બીલ્ટઅપ ક્ષેત્રફળ . . . . . . . . ચો.મી (. . . . . ચો. ફુટ) તેમજ સદર . . . . . ને વરાડે ને હિસ્સે આવતી નીચેની વણવહેંચાએલી જમીનનું ક્ષેત્રફળ . . . . . ચો.મી. (. . . . ચો.ફુટ) છે વેચાણવાળી દુકાન/ફલેટ/ઓફીસ . . . . . . . . ની એકત્ર ચતુઃ સીમા :-

પુર્વે :- .

પશ્ચિમે :-

ઉત્તરે :-

દક્ષિણે :- .

સદર વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલી મીલક્તના તમો લખી લેનાર એક તરફવાળા તથા તમારા વંશ વાલી વારસો માલીકી હકકે સર્વે સ્વતંત્ર માલીક થયા છો, અને તેનો માલીકી હક્કે વાપર ઉંપયોગ, ઉપભોગ કરવા તથા તે ગીરો, વેચાણ, બક્ષીસ કરવા તેમજ તે મીલક્તનો વાપર વહીવટ વ્યવસ્થા કરવા તથા તેમાં ઉત્પન્ન મેળવવા હક્કદાર અને અધીકારી છો. જેને હવે અમો લખી આપનારનો સદર મીલકત સાથે કોઈપણ જાતનો ભાગ, લાગ, હક્ક, હીત સંબધ રહયો નથી.

તમો લખી લેનારને વેચાણ આપેલી સદર મિલકત ના આજદીન સુધીના તમામ વેરા મહેસુલ કર વીગેરે જે કાંઇ બાકી હશે, તો તે અમો બીજી તરફવાળાએ ભરવાના છે. અને આજદીન બાદના તમામ વેરા મહેસુલકર વિગેરે ભરવાની જવાબદારી તમો લખી લેનાર એક તરફવાળાની છે.

સદર વેચાણ દસ્તાવેજના આધારે ઉપરના વર્ણનવાળી મીલકત રેવન્યુ રેકર્ડમાં તમો લખી લેનારના નામ ઉપર દાખલ કરાવવા હક્કદાર અને અધીકારી થયા છો. અને તે અંગે જરુરી સહી, સંમતી અમો કરી આપીશું.

સદર વેચાણ દસ્તાવેજનો સ્ટેમ્પ, નોંધણી ફી, લખાઇ ફી વીગરે તમામ ખર્ચ તમો લખી લેનાર એક તરફવાળાએ ભોગવેલો છે, અને ભવીષ્યમાં હાલ પ્રવર્તમાન સ્ટેમ્પ એકટના કાયદા મુજબ કોઇ વધારાની સ્ટેમ્પ ડયુટીની રકમ ભરવાની આવે તો તે ભરવાની જવાબદારી તમો લખી લેનાર એક તરફવાળાની રહેશે.

સદર વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલી મીલકત અમો લખી આપનાર બીજી તરફવાળાની સયુંક્ત માલીકી અને કબજા ભોગવટાની છે. અને તેમા અમારા સીવાય બીજા કોઈનો કોઈપણ જાતનો ભાગ લાગ હક્ક હીત સંબધ નથી. તથા તેમા કોઈનો કોઈપણ જાતનો ખોરાકી પોસાકી કે રહેઠાણનો હક્ક પોસાતો નથી કોઇને ગીરો, વેચાણ, બક્ષીસ કે બાનાખત યા અન્ય કોઇ પ્રકારે લખી આપી નથી, તથા તે કોઇ દીવાની કોર્ટની જપ્તીમાં કે અવલ જપ્તીમાં નથી, કે તેવી કોઇ નોટીસ અમોને બજી નથી સદર મીલકત કોઇએ ટાંચમા લીધી નથી, કે તે કોઇ રીઝર્વેશન હેઠળ કે સંપાદન હેઠળ આવરી લેવામા આવેલી નથી, કે તે બાબતે કોઇ નોટીસ અમોને બજેલ નથી.

સદર મીલકત કોઇને વેચવી વેચાવવી નહી તેવો કોઇ મનાઇ હુક્મ નીકળેલો નથી, કે હાલમાં જારી નથી. સદર મીલકતના ટાઇટલ ચોક્કખા અને ક્લીયર માર્કેટેબલ છે, તેવો પાકો ભરોસો અને વીશ્વાસ આપીને સદર વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે. તેમ છતા જો તે બાબતે કોઇ હક્ક, દાવો, કે ભાગ, લાગ, હક્ક ક્રતુ આવશે તો તેવી તમામ હરકતો, અમો તમોને અમારા ખર્ચે દુર કરાવી આપીશું. અને ના કરાવી આપીએ અને તે તમારે દુર કરાવવાનો પ્રસંગ આવે તો તે અંગે થનાર તમામ ખર્ચ અને નુકશાની સહ ભરપાઇ કરી આપવા અમો લખી આપનાર બીજી તરફવાળા બંધાયેલા છીએ.

સદર મીલકત અમોએ બીજા કોઇને ત્યાં કોઇપણ પ્રકારે લખી આપી જોખમમાં નાખેલી નથી. બીન જોખમી છે, અને તેના ટાઇટલ્સ કલીયર અને માર્કેટેબલ છે. એવો તમોને પાકો ભરોસો અને વિશ્વાસ આપી વેચાણ કરી છે. છતાં હરકતો થાય તો તે હરકતો અમો અમારા પોતાના ખર્ચે દુર કરાવી આપીશું.

સદર મીલકતના વડોદરા મ્યુ. કૉર્પોરેશનના વેરા તથા ઇલેકટ્રીક લાઇટ બીલના નાણાં તથા ઇતર સરકારી વેરા વિગેરે આજ સુધીના અમારે ભરવાના છે અને ત્યાર બાદ તમારે ભરવાના છે.

સદર આખી મીલકતનું નામ ". . . . . . . . . . **કોમ્પલેક્ષ**" આપેલું છે અને તે કાયમ રાખવાનું છે.

સદર મિલકત તમોને વેચાણ કરેલ દુકાન/ફ્લેટ/ઓફીસ . . . . . . . . **કોમ્પલેક્ષ** માં આવેલ છે. જેથી કરીને સદર દુકાન/ફલેટ/ઓફીસ ની નીચેની જમીનમાં, તમારો, તમોને વેચાણ આપેલ મીલકતન ક્ષેત્રફળના પ્રમાણમાં, વગર વહેંચાયેલો સહીયારો હીસ્સો રહેશે.

સદર તમોને વેચાણ કરેલ દુકાન/ફલેટ/ઓફીસ . . . . . . . . . . **કોમ્પલેક્ષ** માં આવેલ છે. જેથી કરીને સદર . . . . . . . . . . . . . **કોમ્પલેક્ષ** વાળી આખી મીલકત કોઇ કારણસર પડી જાય તો અથવા તો તેને કોઇપણ પ્રકારનું નુકશાન થાય તો, . . . . . . . . . . **કોમ્પલેક્ષ** ના દરેક માલીકોએ પોતાના ભાગમાં, પોતાના ખર્ચે બાંધકામ અથવા સમારકામ કરી લેવાનું રહેશે.

સદર તમોને વેચાણ કરેલ દુકાન/ફલેટ/ઓફીસ. . . . . . . . . . . **કોમ્પલેક્ષ** માં આવેલ છે. જેથી કરીને દુકાન/ફલેટ/ઓફીસ વાળા કોમ્પલેક્ષ માં જવા આવવાનો રસ્તો, દાદર, કોમન પેસેજ તથા ઉપર નીચેની પાણીની ટાંકીઓ તથા કોમન પાણીનો બોર, મોટર પંપ વિગેરે જે સુવિધાઓ કરવામાં આવેલી છે, તેનો ઉપયોગ તમોએ બીજા માલીકો સાથે સહીયારી રીતે કરવાનો છે. સદર સુવિધાઓ ચાલુ રહે તેવી વ્યવસ્થા કરવા, જે કાંઇ સાફસુફીનો તથા મેન્ટેનન્સનો ખર્ચ થાય તથા

જે કાંઇ સરકારી વેરા આવે, તે આ બીલ્ડીગમાં રહેતા બધા માલીકોએ વરાડે પડતા ભોગવવાના છે.

સદર દુકાન/ફલેટ/ઓફીસ વાળા ". . . . . . . . **કોમ્પ્લેક્ષ"** બીલ્ડીગના તમામ સહ માલીકો અગર કોઇ મંડળ કે એસોસીએશન બનાવે તો, તેમાં તમો વેચાણ રાખનારે ફરજીયાત સહકાર આપવાનોજ છે, અને તેના સભાસદ થવાનું ફરજીયાત રહેશે, તથા વરાડે આવતી રકમ ફરજીયાત આપવી પડશે.

સદર તમોને વેચાણ કરેલ દુકાન/ફલેટ/ઓફીસ. . . . . . . . . . . . . . **કોમ્પ્લેક્ષ** આવેલ છે. જેથી કરીને ટાવરના ફ્રેમ સ્ટ્રકચરમાં તથા બહારના એલીવેશનમાં તથા એલીવેશનના કલરમાં, તમો લખી લેનાર કોઇપણ જાતનો ફેરફાર કરી શકશો નહી. જેવી સ્પષ્ટ બાંહેધરી તમો લખી લેનાર અમો લખી આપનારને આથી આપો છો.

સદર તમોને વેચાણ કરેલ દુકાન/ફલેટ/ઓફીસ. . . . . . . . . . . . . . . . . **કોમ્પ્લેક્ષ** માં આવેલ છે. જેથી કરીને સદર . . . . . . . . **કોમ્પ્લેક્ષ** ના કોમન પેસેજ, દાદર, ઓ.ટી.એસ. તથા અન્ય કોમન સુવિધાઓનો ઉપયોગ, જે તે હેતુ માટે સુવિધાઓ બાનાવેલી છે., તેજ હેતુ માટેકરવાનો છે. કોમન પેસેજ તથા દાદરની તેમજ ઓ.ટી.એસ. ની જગ્યામાં, તમોએ કોઇપણ પ્રકારનો સામાન મુકવાનો નથી કે તેને કાચુ કે પાકું બાંધકામ કરીને, તમો લખી લેનાર આંતરી શકશો નહી.

સદર . . . . . . . . **કોમ્પ્લેક્ષ** બીલ્ડીગના ચોથા માળ ઉપરની અગાસીમાં તમો લખી લેનારનો કોઇપણ પ્રકારનો લાગ, ભાગ, હકક કે હિસ્સો નથી. તેમજ તેની માલીકી અમો લખી આપનારની રહેશે તેવી સ્પષ્ટ સમજુતી સાથેજ, સદર ઉપર વર્ણનમાં જણાવેલ દુકાન/ફલેટ/ઓફીસ નં. . . . . તમોને આથી વેચાણ આપવાની નકકી કરી છે. તેમજ ભવિષ્યમાં બાકી રહેલી એફ.એસ.આઇ. મુજબ, અમો લખી આપનારને, અગર વડોદરા મ્યુ. કોંપોરેશન તરફથી જો વધારાની બાંધકામ કરવાની પરવાનગી મળે અને અગર અમો લખી આપનાર તે વધારાનું બાંધકામ પાછળથી કરીએ તો, તેમાં તમો લખી લેનારે સ્વતંત્ર રીતે અગર તો બીજા માલીકો સાથે ભેગા મળીને, કોઇપણ જાતનો વાંધો કે અડચણ કરવાની નથી. તેવી સ્પષ્ટ સમજુતી સાથેજ, સદર દુકાન તમોએ આથી વેચાણ રાખવાની નકકી કરી છે તથા અમો લખી આપનાર જયારે વધારા નું બાંધકામ કરીએ ત્યારે, સદર બીલ્ડીગમાં જે જે સુવિધાઓ ઉપલબ્ધ છે, તેનો ઉપયોગ કરવા અમો લખી આપનાર માલીક હકકદાર છીએ તથા અગાસી અમો લખી આપનાર

બીજા કોઈપણ ઈસમને કોઈપણ રીતે લખી આપવા હકકદાર છીએ. ( એટલે કે વેચાણ કરવા, ભાડે આપવા, ગીરો મુકવા, એડવેટાઈઝમેન્ટના બોર્ડ મુકવા વિગેરે).

સદર બીલ્ડીગના પષ્ચિમ દિશા તરફ એટલે કે સદર બીલ્ડીગના આગળ ભાગમાં જે ખુલ્લી પાર્કીગની જગ્યા આવેલી છે, તેમાં તમોને, સદર . . . . . . . . **કોમ્પલેક્ષ** બીલ્ડીગના તમામ . . . . . . . . . . માલીકો સાથે સહીચારી રીતે વાહનનું પાર્કીગ કરવાનો હકક છે. જેથી કરીને સદર . . . . . . . . . . . **કોમ્પલેક્ષ** બીલ્ડીગના અન્ડર ગ્રાઉન્ડ ફલોરમાં જે પાર્કીગની જગ્યા આવેલી છે, તેમાં તમારે વાહનનું પાર્કીગ કરવાનો કોઈપણ જાતનો હકક કે અધિકાર નથી, કારણકે સદર પાર્કીગ, સદર . . . . . . . . . . **કોમ્પલેક્ષ** બીલ્ડીગના તમામ ફલેટ માલીકો માટેજ છે. તેમજ સદર બીલ્ડીગના આગળના ભાગમાં જે ખુલ્લી પાર્કીગની જગ્યા આવેલી છે, તે જગ્યામાં, તમોએ સ્વતંત્ર રીતે અથવા તો સદર બીલ્ડીગના તમામ દુકાનના માલીકો સાથે ભેગા મળીને કોઈપણ પ્રકારનું કાચુ કે પાકુ બાંધકામ કરી શકશો નહી કે ગંદકી કરી શકશો નહી. તેમજ કોઈને અડચણ થાય તેવી રીતે વાહનનું પાર્કીગ કરવાનું નથી. તેમજ સદર પાર્કીગ પ્લેસનો જે કાંઈપણ સરકારી વેરા કે ઈલેકટ્રીક લાઈટ બીલ આવે તેમાં, તમો લખી લેનારે, સદર બીલ્ડીગના મંડળ કે એસોસીએશનના નકકી કરેલા નીતી નિયમો પ્રમાણે, તમો લખી લેનારના હિસ્સે આવતી રકમ આપવાની રહેશે.

સદર બીલ્ડીગમાં જે લીફટની સુવિધા કરવામાં આવેલ છે. તેનો ઉપયોગ તમો લખી લેનારે સદર બીલ્ડીગના અન્ય ફલેટ તથા દુકાન માલીકો સાથે, મંડળ કે એસોસીએશનના નીતિ નિયમો પ્રમાણે સહીચારી રીતે કરવાનો રહેશે. તેમજ સદર લીફટનો રીપેરીંગ મેન્ટેનન્સ ખર્ચ, ઈલેકટ્રીક લાઈટ બીલ, લીફટ મેનનો પગાર તથા ઈતર તમામ જે કાંઈપણ ખર્ચ થાય તેમાં તમો લખી લેનારે તથા સદર . . . . . . **કોમ્પલેક્ષ** બીલ્ડીગના અન્ય તમામ ફલેટ તથા દુકાન માલીકોએ વરાડે પડતો ફાળો આપવાનો રહેશે.

સદર તમોને વેચાણ આપેલી દુકાનો ગ્રાઉન્ડ ફલોર માં આવેલ છે. જેથી કરીને સદર ગ્રાઉન્ડ ફલોર ની તમામ દુકાનોની આગળના ભાગમાં જે ખુલ્લી જગ્યા આવેલી છે, તે ખુલ્લી જગ્યામાં તમો લખી લેનારે કોઈપણ પ્રકારનો સામાન મુકવાનો નથી. તેમજ સદર જગ્યા ઉપર કોઈપણ એડવેટાઈઝમેન્ટના બોર્ડ મુકવાના નથી. તેમજ સદર જગ્યાને કાચુ કે પાકુ બાંધકામ કરીને કવર કરી શકશો નહી. જેવી સ્પષ્ટ સમજુતી સાથે સદર દુકાનો તમોને વેચાણ કરી છે.

સદર તમોને વેચાણ કરેલ દુકાન ની ઉપરનો સ્લેબ ભાગે તુટેતો, તમારે અને ઉપરવાળા માલીકે સહીયારા ખર્ચે રીપેરીગ કરાવવાનો રહેશે. તેમજ સદર દુકાનની નીચેનો ભાગે તુટેતો, તમારે અને નીચેવાળા માલીકે સહીયારા ખર્ચે રીપેરીગ કરાવવાનો રહેશે.

સદર . . . . . . . . **કોમ્પલેક્ષ** બીલ્ડીગના કોમન એમીનીટીઝ તથા ફેસીલીટીઝ એટલે કે કોમન સુવિધાઓ અંગે, તમો લખી લેનારને જે જે સુવિધાઓ વાપરવાના હકકો ફાળવવામાં આવેલ હોય, તે સિવાય, સદર બીલ્ડીગની કોઈપણ કોમન એમીનીટીઝ તથા ફેસીલીટીઝ ઉપયોગ કરવાનો હકક તમો લખી લેનારનો રહેશે નહી અને તેવી શરતને આધિન રહીનેજ, સદર દુકાન તમો લખી લેનારે અમારી પાસેથી આથી વેચાણ રાખવાની નકકી કરી છે. જેથી સદર બીલ્ડીગની ઉપલબ્ધ કોમન એમીનીટીઝ તથા ફેસીલીટીઝ કોમન હકક અંગે કે વપરાશ અંગે, તમો લખી લેનાર સ્વતંત્ર રીતે કે બીજા માલીકો સાથે સંયુકત રીતે કોઈપણ જાતનો લાગ, ભાગ, હકક કે હીત હિસ્સો માંગી કે મંગાવી શકશો નહી, એવી સ્પષ્ટ બાંહેધરી તમો લખી આપનારાઓને આથી આપો છો.

આ વેચાણ દસ્તાવેજ અમોએ સ્વેચ્છાએ, વાંચી, વંચાવી, સમજી, વિચારી, અમારી રાજીખુશીથી, અકકલ હોંશીયારીથી, સાફ દીલથી, લખી આપેલ છે, તે અમોને તથા અમારા વંશ, વારસો સર્વેને કબુલ, મંજુર અને બંધનકર્તા છે, અને રહેશે જે બદલ અજરોજ સાક્ષીઓ રૂબરૂ અમારી સહીઓ કરી આપેલ છે.

અત્રે .. .. .. .. .. .. .. .. .. .. .. .... મતુઅત્રે.. .. ......... .. .. .. ..શાખ

લખી આપનાર : મિલકત માલીક : બીજા પક્ષકાર

. . . . . . . . . . . . . . . . . .  .. .. .. .. .. .. .. .. ....

.. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. ..  .. .. .. .. .. .. .. .. ....

## રજીસ્ટ્રેશન એકટ ૧૯૦૮ ની કલમ ૩૨ – એ મુજબનું શીડયુલ

વેચાણ લેનાર :: લખી લેનાર :: એક તરફવાળા ::-

| સહી | ફોટો | ડાબા હાથ ના અંગુઠાનુ નિશાન |
| --- | --- | --- |
| (. . . . . . . . . . . . . . . . .) | | (. . . . . . . . . . . . . . . . . .) |

વેચાણ દસ્તાવેજ લખી આપનાર બીજી તરફવાળા જમીન માલીકઃ

| સહી | ફોટો | ડાબા હાથ ના અંગુઠાનુ નિશાન |
| --- | --- | --- |
| (. . . . . . . . . . . . . . . . .) | | (. . . . . . . . . . . . . . . . .) |